©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 13th SEPTEMBER, 2025/BHADRA 22, 1947 [No. 6053

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સીટી પ્લાનીંગ ખાતુ

ત્રીજો માળ, બી-બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧.

અધિસુચના

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧૫ (આંબલી) (પ્રથમ ફેરફાર) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા અંગે

ક્રમાંક : ટી.પી.એસ./જનરલ/૩૨૩૯/૨૦૨૫.-અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં. ૪, તા. ૨૪-૦૪-૨૦૨૫ તથા મ્યુનિ.જનરલ બોર્ડના ઠરાવ નં. ૧૭૪, તા. ૨૩-૦૫-૨૦૨૫ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧૫(આંબલી) (પ્રથમ ફેરફાર) બનાવવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓને આધીન ઈરાદો જાહેર કરવામાં આવેલ છે, અને જાહેર કરેલ ઈરાદાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ રાજ્ય સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-૨ માં તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ No. ૨૬૮૦, પાના નં. ૦૧ થી ૦૨ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્ર ''દિવ્ય ભાસ્કર'' તથા ''લોકસત્તા જનસત્તા'' તા. ૦૬-૦૬-૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સદરહુ યોજનાની દરખાસ્ત તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિનિયમ-૧૯૭૯ ના રૂલ્સ નં. ૧૭ મુજબ ઓનર્સ મીટીંગ સંદર્ભે સબંધકર્તા અને હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓને નોટીસ પાઠવી તથા સમાચાર પત્રોમાં જાહેર નોટીસ આપી સીટી પ્લાનીંગ ખાતુ, ત્રીજો માળ, બ્લોક-બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ ના સ્થળે તા. ૨૫-૦૭-૨૦૨૫ ના રોજ વાંધા/સૂચનો મેળવવા માટે ઓનર્સ મીટીંગ યોજવામાં આવેલ. જે પરત્વે મળેલ સલાહ સુચન / વાંધાઓ અંગે નિર્ણય લઈ સદરહુ યોજનાની મુસદ્દારૂપ દરખાસ્ત પ્રસિધ્ધ કરવા સારૂ તૈયાર કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અ.મ્યુ.કો. દ્વારા તૈયાર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧૫ (આંબલી) (પ્રથમ ફેરફાર)ના મુસદ્દાને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) હેઠળ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામતા શખ્શોના વાંધા/સૂચનો મેળવવા માટે આથી એક માસ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિનિયમ-૧૯૭૯ નિયમ નં. ૧૮(૨) અન્વયે ઉપરોક્ત અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયેલ મુસદ્દાની એક નકલ ચીફ સીટી પ્લાનરશ્રીની કચેરી ખાતે ઉપરના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારૂ ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્ર (ગેઝેટ)માં પ્રસિદ્ધ થયા

તારીખથી એક(૧) માસની સમય મર્યાદામાં, સદર યોજનાથી અસરકર્તા કોઇપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધમાં લેખીત વાંધા અને/અથવા સુચનો ચીફ સીટી પ્લાનરશ્રી, સીટી પ્લાનીંગ ખાતુ અ.મ્યુ.કોની કચેરી ખાતે લખી જણાવશે તો તે લેખીત વાંધા/સુચનો અન્વયે અમ્યુકો દ્વારા સદરહુ યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી છે.

સહિ/- અવાચ્ય
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સીટી પ્લાનીંગ ખાતુ

ત્રીજો માળ, બી-બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧.

અધિસુચના

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧૬ (શીલજ) (પ્રથમ ફેરફાર) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા અંગે

ક્રમાંક : ટી.પી.એસ./જનરલ/૩૨૪૦/૨૦૨૫.-અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં. ૫, તા. ૨૪-૦૪-૨૦૨૫ તથા મ્યુનિસિપલ જનરલ બોર્ડ ઠરાવ નં. ૧૭૫, તા. ૨૩-૦૫-૨૦૨૫ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧૬ (શીલજ) (પ્રથમ ફેરફાર) બનાવવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓને આધીન ઈરાદો જાહેર કરવામાં આવેલ છે, અને જાહેર કરેલ ઈરાદાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ રાજ્ય સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-૨ માં તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ No. ૨૬૮૦, પાના નં.૦૩ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્ર ''સંદેશ'' તથા ''નવ ગુજરાત સમય'' તા. ૦૬-૦૬-૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સદરહુ યોજનાની દરખાસ્ત તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિનિયમ-૧૯૭૯ ના રૂલ્સ નં. ૧૭ મુજબ ઓનર્સ મીટીંગ સંદર્ભે સબંધકર્તા અને હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓને નોટીસ પાઠવી તથા સમાચાર પત્રોમાં જાહેર નોટીસ આપી સીટી પ્લાનીગ ખાતુ, ત્રીજો માળ, બ્લોક-બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ ના સ્થળે તા. ૨૫-૦૭-૨૦૨૫ ના રોજ વાંધા/સૂચનો મેળવવા માટે ઓનર્સ મીટીંગ યોજવામાં આવેલ. જે પરત્વે મળેલ સલાહ સુચન / વાંધાઓ અંગે નિર્ણય લઇ સદરહુ યોજનાની મુસદ્દારૂપ દરખાસ્ત પ્રસિધ્ધ કરવા સારૂ તૈયાર કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અ.મ્યુ.કો. દ્વારા તૈયાર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧૬(શીલજ) (પ્રથમ ફેરફાર)ના મુસદ્દાને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) હેઠળ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામતા શખ્શોના વાંધા/સૂચનો મેળવવા માટે આથી એક માસ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિનિયમ-૧૯૭૯ નિયમ નં. ૧૮(૨) અન્વયે ઉપરોક્ત અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયેલ મુસદ્દાની એક નકલ ચીફ સીટી પ્લાનરશ્રીની કચેરી ખાતે ઉપરના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારૂ ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્ર(ગેઝેટ)માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧) માસની સમય મર્યાદામાં, સદર યોજનાથી અસરકર્તા કોઇપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધમાં લેખીત વાંધા અને/અથવા સુચનો ચીફ સીટી પ્લાનરશ્રી, સીટી પ્લાનીંગ ખાતુ અ.મ્યુ.કોની કચેરી ખાતે લખી જણાવશે તો તે લેખીત વાંધા/સુચનો અન્વયે અમ્યુકો દ્વારા સદરહુ યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી છે.

સહિ/- અવાચ્ય
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.15 17:45:18 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot